જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૦/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૯૬/૧૫</u>

<u>રૂ.૧.૩૮ લાખના સોનાના દાગીનાઓ સાથે બે ઈસમોને ઝડપી ઘરફોડ ચોરીના બે તથા રીક્ષામાં બેસાડી લુંટ ના એક ગુન્હાનો ભેદ ઉકેલતી ક્રાઈમબ્રાન્ચ.</u>

અમદાવાદ શહેરમાં બની રહેલ ઘરફોડ ચોરી તથા મિલકત સબંધી ગુના બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અન્વયે શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે શ્રી કે.એન.પટેલ, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૫/૧૦/૨૦૧૫ નારોજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓની ટીમના પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ તથા પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન પાનકોર નાકા ચાર રસ્તા પાસે આવતા બાતમી આધારે આરોપી શબ્બીરહુસેન ઉર્ફે બેરા સ/ઓ ઝહીરમીંયા શેખ ઉ.વ. ૨૬ રહે. ગલી નં. ૪ હુસેનનગર એસ.ટી. વર્કશોપ પાસે નરોડા પાટીયા અમદાવાદ તથા નાજીમઅલી ઉર્ફે પપ્પુ સ/ઓ મુન્નાભાઈ પઠાણ ઉ.વ. ૨૧ રહે. ગલી નં. ૧ હુસેનનગર એસ.ટી. વર્કશોપ પાસે નરોડા પાટીયા અમદાવાદ નાઓને તેના કબ્જામાંથી સોનાના દાગીના જેમાં ચેઈન નંગ-૨ મંગલસુત્ર નંગ- ૧, પેન્ડલ નંગ-૨, વીંટી નંગ-૮ તથા બુટ્ટી જોડી-૧ જેનુ કુલ્લે વજન ૫૪ ગ્રામ ૦૮ મીલીગ્રામ જેની કુલ કિ.રૂ. ૧,૩૮,૬૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી લઈ સદરી આરોપીઓ વિરુધ્ધ સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરી કબજે કરવામાં આવેલ છે.

સદર પકડાયેલ આરોપીની પુછપરછ કરતાં તેઓ પાસેથી મળી આવેલ દાગીનાની બે વર્ષ પહેલા રામા બીસ્કીટની ગલી સૈજપુર બોઘા ખાતે રાત્રીના સમયે એક મકાનનુ તાળુ તોડી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ તેમજ સને ૨૦૦૯ ના છઠ્ઠા મહિનામાં દેવી સિનેમા પાસે આવેલ એક સોસાયટીમાં સોનાના દાગીનાની ચોરી કરેલ હોવાનુ તેમજ નાજીમઅલી ઉર્ફે પપ્પુ તથા બે માણસોએ સને ૨૦૧૨ ના વર્ષમાં ત્રીજા મહિનામાં કાલુપુર રેલ્વે સ્ટેશનના આઉટ ગેટ સામેથી સાંજના સાતેક વાગે એક માજીને



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

દહેગામ ખાતે જવાનુ હોય રૂ.૨૦/- માં નક્કી કરી બેસાડી લીધેલ અને નરોડા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં લઈ જઈ ચપ્પુ બતાવી સોનાની બંગડી તથા બીજા દાગીનાઓની લુંટ કરેલની કબુલાત કરેલ છે. જે અંગે નીચે મુજબના ગુનાઓ શોધાયેલ છે.

(૧) સરદારનગર પો.સ્ટે. ફ.ગુ.રનં. ૨૦૨/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૪૫૭,૩૮૦ મુજબ

(૨) નરોડા પો.સ્ટે. ફ.ગુ.રનં. ૩૧૮/૨૦૦૯ ઈ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ

(૩) નરોડા પો.સ્ટે.ફ.ગુ.રનં. ૧૯૦/૨૦૧૨ ઈ.પી.કો. કલમ ૩૯૪,૧૧૪, જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ

**<u>આરોપીનો ગુનાહીત પુર્વ ઈતિહાસ</u>**

**(૧)** શબ્બીરહુસેન ઉર્ફે બેરા સ/ઓ ઝહીરમીંયા શેખ નાઓ અગાઉ સરદારનગર પોલીસ સ્ટેશનમાં મર્ડરના ગુનામાં પકડાયેલ છે તેમજ નરોડા પોલીસ સ્ટેશનમાં મારામારીના કેસમાં પકડાયેલ છે.

**(૨)** નાજીમઅલી ઉર્ફે પપ્પુ સ/ઓ મુન્નાભાઈ પઠાણ નાઓ નરોડા પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ચોરીના ગુનામાં પકડાયેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)